સેવા સહકાર પ્રગતિ

# સુરત મેઘવાળ સમાજ

(નવસારી–બીલીમોરા સહિત)

સંપર્ક કાર્યાલય : વીર મેઘ મહાર ભવન, બહુચર નગર સોસાયટી, વેડરોડ, સુરત



શ્રી વીર મેઘમાયા



ડો. બાબાસાહેબ આંબેડકર

## સામાજિક જ્ઞાતિ બંધારણ

અમલીકરણ તા. ૨૨/૪/૨૦૧૭થી

**સમાજ સેવા એજ પ્રભુ સેવા**

# અનુક્રમણિકા


૧ પ્રસ્તાવના

૨ સમાજના અગ્રણીઓની સર્કિટ હાઉસ ખાતે મળેલી સભાના ફોટો

૩ સમગ્ર મેઘવાળ સમાજની જહાંગીરપુરા ખાતે મળેલી જાહેરસભાના ફોટો

૪ જન્મ પ્રસંગે

૫ વેવિશાળ - સગાઇ - સગપણ (હિસાબ ભરવો)

૬ લગ્ન લેવા - સમજવા અંગે

૭ શ્રી ગણેશ સ્થાપના (પીઠીનો ચાંદલો)

૮ લગ્ન પ્રસંગ (તોરણ)

૯ ગોરથ ગણવા વિષે

૧૦ નાતરૂ - ઘરઘરણું

૧૧ પુનઃ લગ્ન

૧૨ ફારગતી - છૂટાછેડા (અ) કાચી ફારગતી

૧૩ ફારગતી - છૂટાછેડા (બ) પાકી ફારગતી

૧૪ ખીહરનો ખીચડો- મકરસંક્રાંતીનો તહેવાર

૧૫ શ્રીમંત - ખોળા ભરણું

૧૬ કન્યાને કરીયાવર

૧૭ અપહરણ - અપનયન - કાઢપણું

૧૮ શ્રી બાબા રામદેવપીરનો પાઠ-કથા-ભજન-બારમતી

૧૯ મૃત્યુ - અવસાન

૨૦ પરબ - બારમાની વિધી

૨૧ રૂઢિચુસ્ત રિવાજો બંધ કરવા અંગે

૨૨ સુરત મેઘવાળ સમાજ આગેવાનોની જ્ઞાતિ બંધારણ અમલીકરણ સમિતી



# સુરત મેઘવાળ સમાજ સામાજિક જ્ઞાતિ બંધારણ



## સંયુક્ત કલમે...

સુરત મેઘવાળ સમાજના સને ૧૯૯૦ના સામાજિક જ્ઞાતિ બંધારણમાં મહત્વના સુધારા-વધારા તથા ફેરફાર કરવા બાબતે સુરત શહેરના સરકીટ હાઉસ, અઠવાલાઈન્સ મુકામે તા. ૧/૫/૧૯૯૫નાં દિને મેઘવાળ સમાજના આગેવાનોની એક સભા મળી હતી. જેમા દક્ષિણ ગુજરાત મેઘવાળ સમાજના ૧લી જાન્યુઆરી સને ૧૯૯૦ના જ્ઞાતિ બંધારણ અંગે મહત્વના સુધારા-વધારા તથા ફેરફાર બાબત ચર્ચા-વિચારણા થઈ હતી. તેમજ સુરત શહેરના મેઘવાળ સામાજિક રીત-રિવાજ અંગેનું જ્ઞાતિ બંધારણ, સુધારા તથા ફેરફાર સહીતનું ઘડી કાઢી તે બંધારણની ચોપડી છપાવી પ્રસિધ્ધ કરવાનું સર્વાનુમતે નકકી કરવામાં આવ્યું હતું. દક્ષિણ ગુજરાત મેઘવાળ સમાજના સને ૧૯૯૦ના જ્ઞાતિ બંધારણમાં મહત્વના સુધારા વધારા અને ફેરફાર અંગેની દરખાસ્ત **શ્રી ગોવિંદભાઈ શાર્દુલભાઈ ડાભી, સ્વ. ખોડાભાઈ બીજલભાઈ બાબરીયા, સ્વ. ખીમજીભાઈ ગોવિંદભાઈ પરમાર, શ્રી માધુભાઈ ખોડાભાઈ ભોજ, શ્રી જેસીંગભાઈ રાજાભાઈ સોસા, શ્રી પ્રેમજીભાઈ ખોડાભાઈ રેવર, સ્વ. ગોવિંદજી રતનજી સુમરા, શ્રી રામજીભાઈ જીવાભાઈ પડાયા, શ્રી જેરામભાઈ બધાભાઈ મારૂ, સ્વ. માણંદભાઈ જેઠાભાઈ સોસા તથા શ્રી ગીગાભાઈ દુદાભાઈ સોસા, સ્વ. જીવાભાઈ યુ. જોગદીયા** વિગેરે તરફથી રજુ કરવામાં આવી હતી. જેનાં ઉપર પુરતી ચર્ચા વિચારણા થઈ હતી હાલ સુરતમાં “મેઘવાળ સમાજ એજ્યુકેશન ટ્રસ્ટ”ની સ્થાપના કરવામાં આવી છે તે અંગેની વિગતવાર ચર્ચા ઉપરોકત સભામાં **શ્રી જેસીંગભાઈ સોસા** તરફથી થઈ હતી.

**શ્રી માવજીભાઈ યુ. પડાયા, શ્રી વસંતભાઈ એ. વોરા, શ્રી જયેશભાઈ વી. ભાસ્કર શ્રી જેરામભાઈ બી. મારૂ, શ્રી રામુભાઈ એસ. ગુજરીયા, શ્રી વિનોદભાઈ વી. રેવર** તથા **સ્વ. કાનજીભાઈ વી. ભોજ** વિગેરે તરફથી દરખાસ્ત રજૂ થઈ હતી તે મુજબ સુરત મેઘવાળ સમાજ તરફથી શુભ-અશુભ પ્રસંગોએ સુરત મેઘવાળ સમાજ એજ્યુકેશન ટ્રસ્ટને ફાળો આપવામાં આવે એવું સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું હતું. જે બાબતનો સમાવેશ સુરત મેઘવાળ સમાજ જ્ઞાતિ બંધારણની બુકમાં કરી દાનનો ફાળો સમાજે એજ્યુકેશન ટ્રસ્ટને આપવાનું મંજૂર રાખવામાં આવ્યું હતું.

તા. ૧/૫/૧૯૯૫ની સભા એક સારા સુંદર અને સુમેળભર્યા વાતાવરણમાં મળી હતી. જેમાં સમાજને ઉપયોગી રીત-રિવાજો અંગે વિસ્તારપૂર્વક ચર્ચા થઈ હતી અને સુરત મેઘવાળ સમાજ જ્ઞાતિ બંધારણ સને ૧૯૯૫માં ઘડી કાઢવામાં આવ્યું હતું, જેનો અમલ તા. ૧/૫/૧૯૯૫ થી સુરત મેઘવાળ સમાજે કરવાનો રહેશે એવું નક્કી કરવામાં આવ્યું હતું.

સુરત મેઘવાળ સમાજ જ્ઞાતિ બંધારણ સને ૧૯૯૫નું ચુસ્તપણે પાલન થાય તે માટે

તકેદારી સમિતિ બનાવવાનું સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યું હતું. જે તકેદારી સમિતિ બંધારણના અમલીકરણ માટેની કાર્યવાહી કરશે. આમ સભામાં સંપ - એકતા - સંગઠનનાં જીવંત ઉદાહરણ રૂપે સુરત મેઘવાળ સમાજનું જ્ઞાતિ બંધારણ બનાવવામાં આવ્યું હતું. સભામાં હાજર રહેલ મેઘવાળ આગેવાનોએ બંધારણને સફળ બનાવવા માટે સાથ સહકાર આપવા સુરત મેઘવાળ સમાજને વિનંતી કરી હતી અને શુભેચ્છા પાઠવી હતી.

## પુનઃમુદ્રણ પ્રસંગે...

આપણા સુરત મેઘવાળ સમાજનાં બંધારણને સમગ્ર મેઘવાળ સમાજના બંધારણમાં શ્રેષ્ઠ ગણવામાં આવે છે. જે આપણા માટે ગૌરવની વાત છે. આપણા જ્ઞાતિ બંધારણનું અનુકરણ કરીને મેઘવાળ સમાજનાં જુદા જુદા શહેરો જેવા કે ભરૂચ, વડોદરા, અમદાવાદ, સૌરાષ્ટ્રના શહેરો, મુંબઈ તેમજ મહારાષ્ટ્રના શહેરોમાં બંધારણ ઘડવામાં આવ્યા. સુરત, નવસારી, બિલીમોરાના મેઘવાળ સમાજ તરફથી આપણાં બંધારણને જે આવકાર આપવામાં આવ્યો છે તેમજ તેનો અમલ પણ ચુસ્તપણે કરવામાં આવ્યો તે બદલ સુરત - નવસારી - બિલીમોરા મેઘવાળ સમાજ અભિનંદનને પાત્ર છે.

આપણા સમાજના અવસાન પામેલ સમાજ અગ્રણીઓ **સ્વ. સોંડાભાઈ નારણભાઈ ડાભી, સ્વ. શાર્દુલભાઈ ગીગાભાઈ ડાભી, સ્વ. ખોડાભાઈ રામજીભાઈ બોરીચા, સ્વ. સોંડાભાઈ દાનજીભાઈ સોસા, સ્વ. વેલજીભાઈ મુળજીભાઈ મકવાણા, સ્વ. અમરાભાઈ મુળજીભાઈ ગોહિલ, સ્વ. મીઠાભાઈ પાલજીભાઈ બાબરીયા, સ્વ. ધુડાભાઈ જીવાભાઈ રાઠોડ, સ્વ. ખીમજીભાઈ લક્ષ્મણભાઈ રાભડીયા, સ્વ. ખોડાભાઈ હામાભાઈ ભોજ, સ્વ. ડાયાભાઈ બેચરભાઈ ચાંચીયા, સ્વ. દાનજીભાઈ જગાભાઈ જોગદીયા, સ્વ. રાજાભાઈ બેચરભાઈ સોસા, સ્વ. પૂંજાભાઈ હાદાભાઈ બારૈયા, સ્વ. બેચરભાઈ હાદાભાઈ બારૈયા, સ્વ. ભાયાભાઈ ભીખાભાઈ ખાખડીયા, સ્વ. ગીગાભાઈ પીઠાભાઈ જાદવ, સ્વ. રૂડાભાઈ લક્ષ્મણભાઈ ડાભી, સ્વ. પૂંજાભાઈ ડોસાભાઈ ડાભી, સ્વ. ઊકાભાઈ મેઘાભાઈ ડાભી, સ્વ. ખોડાભાઈ બીજલભાઈ બાબરીયા, સ્વ. ખીમજીભાઈ ગોવિંદજી પરમાર, સ્વ. મેઘજીભાઈ બેચરભાઈ સોલંકી, સ્વ. માણંદભાઈ જેઠાભાઈ સોસા, સ્વ. વાલજીભાઈ શિવજીભાઈ ભાસ્કર, સ્વ. દેવજીભાઈ દુદાભાઈ સોસા, સ્વ. કરસનભાઈ જગાભાઈ બારૈયા, સ્વ. લાખાભાઈ વિશ્રામભાઈ પંચાલ, સ્વ. રામજીભાઈ ભોજાભાઈ પુંઘેરા, સ્વ. ગોવિંદજી રતનજી સુમરા, સ્વ. ઉકાભાઈ વિરાભાઈ પડાયા, સ્વ. ડાયાભાઈ ગોવિંદભાઈ મહીડા, સ્વ.જીવણભાઈ મેઘાભાઈ વાઘેલા, સ્વ.કલ્યાણભાઈ ગોવિંદભાઈ વાઘેલા, સ્વ. લાલજીભાઈ ગોવિંદભાઈ વાઘેલા, સ્વ. રામજીભાઈ મૈસુરભાઈ સોસા, સ્વ. ગોવિંદભાઈ ઉગાભાઈ પડાયા, સ્વ. નાથુભાઈ ખોડાભાઈ બોરીચા, સ્વ. માવજીભાઈ દેવશીભાઈ અણજારા, સ્વ. જીવાભાઈ ઉકાભાઈ જોગદીયા, સ્વ. હરજીભાઈ અમરાભાઈ ગોહીલ, સ્વ.ડાયાભાઈ ઉકાભાઈ ડાભી, સ્વ. નાથુભાઈ લાખાભાઈ સોસા, સ્વ. લાલજીભાઈ માણસુરભાઈ બારૈયા,**

**સ્વ. બધાભાઈ મૂળાભાઈ મારૂ, સ્વ. કાનજીભાઈ વી. ભોજ, સ્વ. પ્રેમાભાઈ રત્નાભાઈ પુંધેરા, સ્વ. ભીખાભાઈ જેઠાભાઈ વિજુડા, સ્વ. કાનજીભાઈ જેઠાભાઈ પરમાર, સ્વ. કાલીદાસ બી. વિરાસ, સ્વ. બેચરભાઈ બી. સુમરા, સ્વ. ધુડાભાઈ પુંજાભાઈ સોસા** વિગેરેને હાર્દિક શ્રધ્ધાંજલી. સ્વર્ગસ્થશ્રીઓના અથાગ પ્રયત્નોથી મેઘવાળ સમાજનું બંધારણ વ્યવસ્થિત રીતે રહી શક્યું છે. પુનઃમુદ્રણ સમયે તેઓની સામાજિક કામગીરીને યાદ કરીને સદ્‌ગતના આત્માને પ્રભુ શાંતિ આપે તેવી પ્રાર્થના.

સને ૧૯૯૫ના બંધારણ બાદ આપણા સમાજની પ્રગતિરૂપે જો કંઈ જણાવવું હોય તો એટલું ખાસ જણાવવાનું કે ભરૂચ, વડોદરા, અમદાવાદ, સૌરાષ્ટ્રના શહેરો, મુંબઈ તેમજ મહારાષ્ટ્રના શહેરોનાં મેઘવાળ સમાજોમાંથી સમૂહ લગ્ન આયોજન પ્રથમવાર સુરત મેઘવાળ સમાજ તરફથી કરવામાં આવ્યું, અને અત્યાર સુધીમાં કુલ ૭ જેટલા સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું. સમૂહ લગ્નના આયોજન માટે **શ્રી એલ. ડી. સોસા** (પી.આઈ.) તથા **સ્વ. દાનજીભાઈ પી. ડાભી** (નિવૃત સુપ્રિન્ટેન્ડટ ઓફ પોસ્ટ) તરફથી પ્રથમ પ્રસ્તાવ આવ્યો હતો. જેને સમાજના ભાઈઓએ વધાવી લીધો હતો. અને આપણે "સુરત મેઘવાળ સમાજ સમૂહલગ્ન આયોજન સમિતિ"ની રચના કરી હતી. તેમજ તેમાં સમાજના આગેવાન, દાતાશ્રીઓ **શ્રી ગોવિંદભાઈ એસ. ડાભી, શ્રી માધુભાઈ કે. ભોજ, શ્રી નાથુભાઈ ડી. સોસા, શ્રી એલ. ડી. સોસા, શ્રી ખીમજીભાઈ એમ. પરમાર, શ્રી વિક્રમભાઈ પરમાર, શ્રી ભુપેન્દ્રભાઈ એમ. સોલંકી, શ્રી મોહનભાઈ સુમરા, શ્રી સુરેશભાઈ કે. બોરીચા** વિગેરે એ તન-મન-ધનથી સમૂહ લગ્નમાં ખુબ જ સારો સાથ સહકાર આપેલ હતો જે બદલ સુરત મેઘવાળ સમાજ તમામનો આભાર માને છે. તેમજ સમૂહલગ્ન આયોજન સમિતિના આયોજકશ્રીઓ **શ્રી ગોવિંદભાઈ એસ. ડાભી** તથા **સ્વ. ખોડાભાઈ બી. બાબરીયા** તેમજ કન્વીનરશ્રીઓ તરીકે **સ્વ. દાનજીભાઈ પી. ડાભી, શ્રી નાથુભાઈ ડી. સોસા, સ્વ. કાનજીભાઈ વી. ભોજ,** સહ કન્વીનર **શ્રી જીતેન્દ્ર એસ. ડાભી** તથા સમૂહલગ્ન આયોજન સમિતિના સભ્યશ્રીઓનો સમૂહલગ્નના સફળ આયોજન બદલ સુરત મેઘવાળ સમાજ સર્વોનો આભાર માને છે.

સુરત મેઘવાળ સમાજના ૧૯૯૫ના બંધારણ સમયે સુરત મેઘવાળ સમાજ એજયુકેશન ટ્રસ્ટની સ્થાપના કરવામાં આવી જેમાં આજદિન સુધીમાં ૧૮૦૦ સભાસદો સ્વૈચ્છિકપણે આજીવન સભાસદો બનેલા છે. આ એજયુકેશન ટ્રસ્ટ દ્વારા આપણા સમાજના વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને દર વર્ષે રાહતદરે નોટબુકનું વિતરણ કરવામાં આવે છે તેમજ તેઓને અભ્યાસ માટે પ્રોત્સાહિત કરવા શૈક્ષણિક પ્રોત્સાહન તથા સન્માન સમારંભ કાર્યક્રમ યોજી તેઓને સન્માનિત કરવામાં આવે છે. તથા અનેક શૈક્ષણિક કાર્યક્રમો, વિવિધ ક્ષેત્રની નોકરીઓ માટે અને ધંધાકીય માર્ગદર્શન સેમિનારો, વ્યક્તિત્વ ઘડતર વગેરે અનેક પ્રકારનાં આયોજનો કરવામાં આવે છે. તે માટે જ્ઞાતિ ફાળાની રકમમાં વધારો કરવાની જયારે જરૂરિયાત જણાતા સુરત મેઘવાળ સમાજ એજ્યુકેશન ટ્રસ્ટ તરફથી એક જાહેર અપીલ બહાર પાડવામાં આવી હતી જે અપીલ સુરત મેઘવાળ સમાજે સહર્ષ સ્વીકારી એજ્યુકેશન ટ્રસ્ટને શુભ-અશુભ પ્રસંગોએ આપવામાં આવતી દાનની રકમમાં વધારો કરી આપવામાં આવ્યો હતો.

સુરત મેઘવાળ સમાજ એજ્યુકેશન ટ્રસ્ટની રચના (સ્થાપના) કરવા **શ્રી ગોવિંદભાઈ એસ. ડાભી** તેમજ તેનું બંધારણ ઘડવામાં **સ્વ. ખીમજીભાઈ જી. પરમાર, શ્રી જેસીંગભાઈ આર. સોસા, સ્વ. પ્રો. મંગળજી રાઠોડ** ની મુખ્ય ભૂમિકા રહી હતી. તેમજ ટ્રસ્ટના પૂર્વ પ્રમુખશ્રીઓ **સ્વ. કાનજીભાઈ ભોજ, શ્રી વસંતભાઈ વોરા, શ્રી અશોકભાઈ ગોહિલ, સ્વ. શશીભાઈ બોરીચા, શ્રી કેતનભાઈ રાઠોડ, શ્રી સુરેશભાઈ સાંડીસ તથા શ્રી શ્યામભાઈ ગોહિલ,** તેમજ સલાહકારશ્રીઓ **શ્રી ગોવિંદભાઈ ડાભી, શ્રી માધુભાઈ ભોજ, સ્વ. શ્રી કાનજીભાઈ ભોજ** તથા **શ્રી અશોકભાઈ ગોહિલ** દ્વારા સુરત મેઘવાળ સમાજ એજ્યુકેશન ટ્રસ્ટને જરૂરી માર્ગદર્શન આપી વિકાસના પંથે ટ્રસ્ટને લઈ જવા પ્રયત્નશીલ રહ્યાં છે. અને તમામ ટ્રસ્ટીઓનો સુરત મેઘવાળ સમાજ આભાર માને છે. હાલમાં સદર સુરત મેઘવાળ સમાજ એજ્યુકેશન ટ્રસ્ટના પ્રમુખ **શ્રી વિનોદભાઈ રેવર** ટ્રસ્ટીશ્રીઓના સાથ સહકારથી સરાહનીય કામગીરી કરી રહ્યાં છે જે અભિનંદનને પાત્ર છે. .

સુરત મેઘવાળ સમાજના જ્ઞાતિ બંધારણ અંગે સુધારા-વધારા કરવા ચર્ચા-વિચારણા માટે સમાજના આગેવાનોની એક સભા તા. ૨/૪/૨૦૧૭ના રોજ સરકીટ હાઉસ ખાતે યોજવામાં આવી હતી. જેમા સમાજના આગેવાનો સાથેની ચર્ચા-વિચારણા બાદ જ્ઞાતિ બંધારણ અંગે એક મુસદ્દો તૈયાર કરવામાં આવ્યો હતો. જેમા સમગ્ર સમાજ પાસે જ્ઞાતિ બંધારણમાં સુધારા-વધારા માટે સુચનો મંગાવવા તેમજ સમગ્ર સમાજની જાહેર સભા બોલાવવાનું ઠરાવવામાં આવ્યું. જે અંતર્ગત તા. ૨૨/૪/૨૦૧૭ના રોજ સાંજે ૫.૦૦ કલાકે, એસ.એમ.સી. કોમ્યુનિટી હોલ, જહાંગીરપુરા ખાતે સમગ્ર મેઘવાળ સમાજની જાહેર સભા રાખવામાં આવી હતી. .

જેમાં **શ્રી નાથુભાઈ સોસા** (સભ્ય, જી.પી.એસ.સી.) દ્વારા સમગ્ર સભાનું સંચાલન કરવામાં આવ્યું હતું. તેમજ સામાજિક જ્ઞાતિ બંધારણ માટે સમાજ તરફથી આવેલ સૂચનો છણાવટ કરી સભામાં રજુ કરવામાં આવ્યા હતા. સભામાં ઉપસ્થિત તમામ લોકોનું સ્વાગત **શ્રી માધુભાઈ ભોજ** (નિવૃત આર.ટી.ઓ.) તેમની હળવી શૈલીમાં કર્યુ હતું. **શ્રી ગોવિંદભાઈ ડાભી** (પૂર્વ કોર્પોરેટરશ્રી) દ્વારા ૧૯૯૫ તથા ૨૦૧૭ના જ્ઞાતિ બંધારણના વિવિધ મુદ્દાઓ પણ વિસ્તૃત ચર્ચા કરી બંધારણમાં હાલમાં કરાયેલ મહત્વના ફેરફારોનું વાંચન કર્યુ હતું. નવસારી - બિલીમોરાના જ્ઞાતિજનો પણ વર્ષોથી આપણા સામાજિક જ્ઞાતિ બંધારણનો અમલ કરતા આવ્યા છે એટલે તેઓની પણ આ સભામાં સરાહના કરી હતી. **શ્રી ભૂપેન્દ્રભાઈ સોલંકી** (કોર્પોરેટરશ્રી) એ પોતાની લાક્ષણિક છટામાં સમગ્ર સમાજ માટે તેમજ બંધારણની સફળતા માટે શુભેચ્છા સંદેશ પાઠવ્યો હતો. આ સભામાં **શ્રી અશોકભાઈ ગોહિલ** (પૂર્વ ખજાનચી, ભાજપા, સુરત) દ્વારા જ્ઞાતિ બંધારણ અમલિકરણ સમિતિના સભ્યોના નામની જાહેરાત કરી હતી તેમજ બંધારણની પુસ્તિકા છપાવીને પ્રસિધ્ધ કરવા બાબતની પણ સમાજને જાણ કરી હતી. જેથી સમાજના ઉપસ્થિત જ્ઞાતિજનોએ બંધારણની બુકમાં જાહેરાત આપવા યથાયોગ્ય ફાળો જાહેર કર્યો હતો. તેમજ તમામ દાતાશ્રીઓના નામ બુકમાં પ્રસિધ્ધ કરવામાં આવશે એવું મંજુર કરવામાં આવ્યું હતું. **શ્રી સુરેશભાઈ કે. બોરીચા, શ્રી ગીગાભાઈ**

**ડી. સોસા, શ્રી કનુભાઈ કે. બારૈયા** સભામા ઉપસ્થિત રહ્યા હતાં.

આ પ્રસંગે સમાજના સરકારી અધિકારીશ્રીઓ **શ્રી એલ. ડી. સોસા** (નિવૃત પી.આઈ.), **શ્રી ખીમજીભાઈ એમ. પરમાર** (નિવૃત આર.ટી.ઓ. ઈન્સ.), **શ્રી મુળજીભાઈ બુકેલીયા** (નિવૃત સબ રજીસ્ટ્રાર), **શ્રી પ્રેમજીભાઈ એન. પડાયા** (સુપ્રિન્ટેન્ડન્ટ ઓફ કસ્ટમ), **શ્રી સુરેશભાઈ સાંડીસ** (નિવૃત સુપ્રિન્ટેન્ડન્ટ આર. એન્ડ. બી.), **તથા શ્રી વિક્રમભાઈ કે. પરમાર** (આસી. આર.ટી.ઓ.),નું સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ ઉપસ્થિત તમામ જ્ઞાતિજનોનું પુષ્પોથી સ્વાગત કરી સામાજિક જ્ઞાતિ બંધારણ સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યું હતું. તેમજ તેનું અમલિકરણ તા. ૨૨/૪/૨૦૧૭ થી કરવાનું નકકી કરવામાં આવ્યું હતું.

**શ્રી જેસીંગભાઈ આર. સોસા** (એડવોકેટ), દ્વારા આ તબક્કે નવસારી, બિલીમોરાના જ્ઞાતિજનો આપણા સુરત મેઘવાળ સમાજના સામાજિક વ્યવહારના જ્ઞાતિ બંધારણને વર્ષોથી અમલ કરતા આવ્યા છે. અને હવે પછીના સુધારા-વધારા સહિતના સામાજિક વ્યવહારના જ્ઞાતિ બંધારણને અમલમાં રાખવાના છે તે બાબતે નવસારી, બિલીમોરાના સમાજ અગ્રણીઓ તેમજ જ્ઞાતિજનોનો આભાર વ્યક્ત કર્યો હતો. સભાના મંચ પર બિરાજમાન સમાજના ઉપસ્થિત મહેમાનો, સમાજના અગ્રગણ્યશ્રીઓ તેમજ તમામ જ્ઞાતિબંધુઓનો આભાર વ્યક્ત કરી સભાનુ સમાપન કરવામાં આવ્યું હતું.

સભાના અંતે સૌ સ્વરૂચિ ભોજનનો સ્વાદ માણી એકબીજાને અભિનંદન પાઠવી છૂટા પડયા હતાં.

સુરત મેઘવાળ સમાજ તરફથી સલાહકારશ્રીઓ ઉપરાંત સુરત મેઘવાળ સમાજ જ્ઞાતિ બંધારણ અમલીકરણ સમિતિ સામાજિક આગેવાનોની બનાવી છે જે સમિતિ આપણા સુરત મેઘવાળ સમાજમાં જ્ઞાતિ બંધારણનું અમલીકરણ થાય તે માટે જવાબદારીપૂર્વક કાર્યશીલ રહેશે. તેમજ સમાજના સર્વે લોકોનો સાથ સહકાર કાયમ માટે મળતો રહેશે એવી અભ્યર્થના સહ....

**લી. આપના સહકારાભિલાષી**

**શ્રી સુરત મેઘવાળ સમાજ જ્ઞાતિ બંધારણ સમિતિ**


**શ્રી ગોવિંદભાઈ એસ. ડાભી**



**શ્રી માઘુભાઈ કે. ભોજ**



**શ્રી નાથુભાઈ ડી. સોસા**



## સુરત મેઘવાળ સમાજ સામાજિક જ્ઞાતિ બંધારણમાં સુધારા–વધારા કરવા ચર્ચા–વિચારણા અર્થે સમાજના આગેવાનોની મળેલી સભા (તા. ૨/૪/૨૦૧૭, સર્કીટ હાઉસ, અઠવાલાઈન્સ, સુરત)








સુરત મેઘવાળ સમાજ
સામાજિક જ્ઞાતિ બંધારણમાં
સુધારા-વધારા અંગે
સમાજમાંથી સુચનો
મંગાવી, સમગ્ર
મેઘવાળ સમાજની
જાહેર સભા મળી.



તા. ૨૨/૪/૨૦૧૭,
સાંજે ૫.૦૦ કલાકે,
SMC કોમ્યુનિટી હોલ,
જહાંગીરપુરા,
સુરત.




















# (૧) જન્મ પ્રસંગે

(A) બાળકના જન્મ પ્રસંગે લાગતા વળગતા ગોર મહારાજ–ગામોટીને બોલાવી નામકરણ વિધી તથા અન્ય વિધી કરવી તેમજ સરકારી તથા અર્ધસરકારી દફતરેથી સંતાનના જન્મ પ્રમાણપત્ર મેળવવા માટે જરૂરી વ્યવસ્થા કરવી. જન્મની નોંધણી કરાવવી કાયદાકીય રીતે ફરજીયાત છે. તેમજ જન્મનું પ્રમાણપત્ર મેળવી જે તે રેશનકાર્ડમાં સંતાનનું નામ દાખલ કરાવવું હિતાવહ છે. સંતાનના શાળા પ્રવેશ સમયે જન્મનું પ્રમાણપત્ર આપવું ફરજીયાત હોવાથી નામ સહિતનું જન્મ પ્રમાણપત્ર મેળવવાની તકેદારી રાખવી. જન્મ પ્રમાણપત્ર મેળવવાના ફોર્મમાં જ્ઞાતિ તેમજ પેટાજ્ઞાતિની સંપુર્ણ સાચી વિગત ભરવી. જન્મ પ્રમાણપત્ર મેળવવાના ફોર્મમાં લખેલી વિગત કાયમ માટે જીંદગીભર રહે છે તેમજ તેમાં પાછળથી ફેરફાર શકય નથી. જેથી તેમાં તમામ વિગતો સ્પષ્ટ શબ્દોમાં ભરવી.



બાળકના જન્મની નોંધણી મહાનગરપાલિકાનાં દરેક ઝોન ઓફીસમાં તથા સીવીક સેન્ટરમાં બાળકના જન્મ થયાના એક માસમાં કરાવી લેવી. બાળકનો જન્મ જે હોસ્પિટલમાં થયો હશે તે વિસ્તારની ઝોન ઓફિસમાં બાળકના જન્મની નોંધણી કરાવી પ્રમાણપત્ર (જન્મદાખલો) મેળવી શકાશે.

''એકલો અટૂલો માણસ બધા જ કામો 'હું ખરેખર એકલા હાથે કરીશ' એમ કહે છે પરંતુ તેમ કરવું વાસ્તવમાં તેનાં માટે અશક્ય છે''

# (૨) વેવિશાળ, સગાઈ, સગપણ (હિસાબ ભરવો)

**કુમાર – કુમારી તથા તેઓના માતાપિતાની સહમતીથી વેવિશાળ – સગપણ કરવામાં આવશે**

(A) વેવિશાળ વખતે લગ્નખર્ચની રકમ (દેશ) **રૂા. ૭,૧૨૫/=** નકકી કરવામાં આવેલ છે. તેથી વધુ રકમ લેવી નહી કે નક્કી કરવી નહીં. લગ્ન ખર્ચની રકમ (દેશ) કન્યાપક્ષની સંમતિ– સમજુતીથી ઓછી લઈ શકાશે. આવા કિસ્સા સમાજમાં આવકાર અને અભિનંદનને પાત્ર રહેશે.

(B) વેવિશાળ પ્રસંગે કુમારપક્ષ તરફથી **રૂા. ૨,૧૨૫/=**, ચુંદડી, નાળીયેર, સાકર, વિગેરે રજુ કરી હિસાબ ભર્યો ગણાશે. વેવિશાળ વખતે વરપક્ષ તરફથી આપેલ રકમને હિસાબ ભર્યાની રકમમાં ગણવાની છે. જે રકમ લગ્ન વખતે લગ્ન ખર્ચ (દેશ)માંથી બાદ મજરે લેવાની રહેશે. ગોરથ ગણતી વખતે બાકી રકમ **રૂા. ૫,૦૦૦/=** કુમારપક્ષે આપવાની રહેશે.

(C) કુમારપક્ષ તરફથી વેવિશાળ વખતે ચુંદડી ન લાવ્યા હોય તો કન્યાના ગણેશ સ્થાપના બાદ અને લગ્નનાં એક દિવસ પહેલા ચુંદડી ઓઢાડવાની વિધી કરી લેવી. તેમજ બહારગામથી આવતી જાન તરફથી લગ્નના મંડપે જાન લઈ જતા અગાઉ ચુંદડી ઓઢાડવાની વિધી કરી લેવાની રહેશે.

(D) વેવિશાળ પ્રસંગે કુમારપક્ષ તરફથી કન્યાપક્ષના ગામોટીને ઉકેલના **રૂા. ૧૦૧/=** આપવા. આ સિવાય ન્યાતપંચ કે અન્ય બીજા હક આપવા કે અપાવવા નહીં.

**''વાણી આપણી એવી હોવી જોઈએ કે આકર્ષણનું કેન્દ્ર બનીએ''**

(E) આ પ્રસંગોએ બન્ને પક્ષકારો સુરત શહેરના સ્થાનિક હોય તો ફકત ચા પાણી નાસ્તો વિગેરે કરીને પ્રસંગ ઉકેલવાનો રહેશે. આ પ્રસંગે ઓઢામણી આપવાની પ્રથા બંધ કરવામાં આવે છે.

(F) પરંતુ આ પ્રસંગે બન્ને પક્ષકારો (સ્થાનિક કે બહારગામના)ની અરસપરસની સમજૂતિ–સંમતિથી આ પ્રસંગે રીંગ સેરેમની(અંગુઠી)ની વિધી, વાડી, હોલ તથા જમણવાર સંયુક્ત ખર્ચે (સરખે હિસ્સે) યોજી શકાશે. આ પ્રથા મરજીયાત રહેશે. આ પ્રસંગે ઓઢામણી આપવાની પ્રથા બંધ કરવામાં આવે છે.



## (૩) લગ્ન લેવા - સમજવા અંગે

(A) લગ્ન લેવા – સમજવા અંગે બન્ને પક્ષકારો ગોર મહારાજ પાસે લગ્નનું મુહુર્ત જોવડાવી બન્ને પક્ષનાં અંગત સગાંઓ ભેગા થઈને લગ્નની તારીખ નક્કી કરી તેની જ જાહેરાત કરવી આવા પ્રસંગે મોટો સમૂહ ભેગો કરવો નહીં.

(B) આ પ્રસંગોએ બન્ને પક્ષકારો સુરત શહેરના સ્થાનિક હોય તો ફકત ચા–પાણી નાસ્તો વિગેરે કરીને પ્રસંગ ઉકેલવાનો રહેશે. આ પ્રસંગે ઓઢામણી આપવાની પ્રથા બંધ કરવામાં આવેલ છે.

(C) આ પ્રસંગે કન્યાપક્ષ તરફથી વરપક્ષના ગામોટીને ઉકેલના **રૂા ૧૦૧/=** આપવા. આ સિવાય ન્યાતપંચ કે અન્ય બીજા હક આપવા નહીં.

**''જો તમારે સમૂહનું નેતૃત્વ કરવું હશે તો વાણી ઉપર લગામ રાખવી પડશે''**

## ( ૪ ) શ્રી ગણેશ સ્થાપના (પીઠીનો ચાંદલો)



(A) કુમાર કે કન્યાને પીઠીનો ચાંદલો આપવાના શ્રી ગણેશ સ્થાપના પ્રસંગે કુમાર કે કન્યાપક્ષ તરફથી કોઈપણ સંજોગોમાં જમણવાર આપવો નહીં. ફકત ચા–પાણી, નાસ્તો આપવા.

(B) આ પ્રસંગે ગામોટીને ઉકેલના **રૂા ૧૦૧/=** આપવા.

(C) આ પ્રસંગે વર કે કન્યાની પૂજા કરવાની હોય તો તેના ઉકેલનાં ગામોટીને **રૂા ૧૦૧/=** આપવા.

## ( ૫ ) લગ્ન પ્રસંગ (તોરણ)

(A) કુમારપક્ષ તરફથી વેવિશાળ વખતે ચુંદડી ન લાવ્યા હોય તો ગણેશ સ્થાપના બાદ કન્યાને ચુંદડી ઓઢાડવાની વિધી કરી લેવાની રહેશે.

(B) પરણતી કન્યા માટે લગ્નના બે કપડાં જે તે પરગણાંનાં માંડવાના જુના રીત રિવાજ ધ્યાનમાં લઈને લેવા. આ માટે ખોટો આગ્રહ રાખી મનદુઃખ કે મતભેદ થાય નહીં તેની કાળજી રાખવી.

(C) ગણેશ સ્થાપના પછી કન્યાના લગ્નના કપડાં તથા ચુંદડી ઓઢાડવાની વિધી કરી લેવી. મંડપે આ વિધી કરવી નહી.

**"મારું સમાજ દર્શન ત્રણ શબ્દોમાં સમાયેલું છે : સ્વતંત્રતા, સમાનતા, બંધુતા"**

(D) લગ્નપ્રસંગે સુરત શહેરની સ્થાનિક જાન આવતી હોય તો જમણવાર મરજીયાત છે તેમજ બન્ને સ્થાનિક પક્ષોની અરસ પરસની સમજુતીથી હોલ–વાડી તેમજ ભોજન–સમારંભના કુલ ખર્ચની રકમના સરખે હિસ્સે બન્ને પક્ષકારો વ્યવહાર કરી શકશે. વેવિશાળ વખતે વ્યવહારની ચર્ચા કરી લેવી ફરજીયાત છે (કારમી મોંઘવારીમાં કન્યાપક્ષ અને કુમારપક્ષને આર્થિક ખર્ચ ઘટે અને સમયની બચત થાય એવો આશય છે) તેમજ બન્ને પક્ષકારોની લગ્ન પત્રિકામાં સંયુક્ત ભોજન સમારંભ રાખવાનો ઉલ્લેખ કરવો હિતાવહ તેમજ વ્યવહારૂ છે. લગ્ન પત્રિકામાં ભોજન સમારંભમાં પધારવા વ્યક્તિ–સજોડે–સહપરિવાર નો (સંખ્યા) ઉલ્લેખ કરવો આવશ્યક અને વ્યવહારૂ છે.

(E) લગ્ન પ્રસંગે સુરત શહેર સિવાય બહારગામથી આવતી જાનને જમણવાર આપવો તેમજ બન્ને પક્ષની અરસ પરસની સમજુતીથી હોલ–વાડી તેમજ ભોજનસમારંભના કુલ ખર્ચની રકમના સરખે હિસ્સે બન્ને પક્ષકારો વ્યવહાર કરી શકશે. વેવિશાળ વખતે આ પ્રકારના વ્યવહારની ચર્ચા કરી લેવી ઊચિત તથા ફરજીયાત છે (કારમી મોંઘવારીમાં કન્યાપક્ષ અને કુમારપક્ષને આર્થિક ખર્ચ ઘટે અને સમયની બચત થાય એવો આશય છે) તેમજ બન્ને પક્ષકારોની લગ્ન પત્રિકામાં સંયુકત ભોજન સમારંભ રાખવાનો ઉલ્લેખ કરવો હિતાવહ તેમજ વ્યવહારૂ છે.

(F) લગ્નપ્રસંગે મંગળફેરા સમયે ગામોટીને બન્ને પક્ષકારોએ **રૂા ૨૫/=** લેખે અલગ–અલગ આપવા.

''જો આપણી વાણીમાં મીઠાશ હશે તો જીવનમાં ક્યારેય અફસોસ નહીં થાય''

(G) લગ્ન દિવસમાં રાખવામાં આવ્યા હોય કે રાત્રે પરંતુ વરપક્ષ તથા કન્યાપક્ષે લગ્ન પત્રિકામાં હસ્ત મેળાપનો સમય સરખો જ લખવો. અને તે સમય પ્રમાણે જ જાન માંડવે લાવવી. આમ કરવાથી લગ્નની વિધી, સામાજિક વ્યવહાર (ગોરથ ગણવાની વિધી) તેમજ ભોજનસમારંભની વ્યવસ્થા સારી રીતે થઈ શકે અને સમાજના લોકોનો સમય પણ સચવાય.

(H) કુમારપક્ષ તરફથી શ્રી ગણેશ સ્થાપના બાદ હાથઘરણું લઈ લેવું જે હિતાવહ છે પરંતુ જો લગ્નબાદ સન્માન સમારોહ રાખવામાં આવે તો વરપક્ષ તરફથી હાથઘરણું લઈ શકાશે. હાથઘરણાના પ્રસંગે કુમારપક્ષ તરફથી ગામોટીને ઉકેલના **રૂા ૨૫૧/=** આપવા.

(I) વરરાજાની જાન બહારગામ જવાની હોય ત્યારે જાનૈયાઓએ કુમારપક્ષ તરફથી કરવામાં આવતી વ્યવસ્થા મુજબ જવા–આવવાનું રહેશે.

(J) આપણી સમાજના કુમાર પક્ષના લગ્ન અન્ય સમાજની કન્યા સાથે થાય છે ત્યારે તેવા પ્રસંગે તેઓની સમાજના બંધારણ મુજબ આપણા કુમાર પક્ષ પાસેથી સોના ચાંદીના દાગીના માંગવામાં આવે છે. જે આપણા કુમાર પક્ષ તરફથી આપવામાં આવે છે. તેવી જ રીતે આપણી સમાજની કન્યાના લગ્ન અન્ય સમાજના કુમારપક્ષ સાથે થાય ત્યારે આપણી સમાજના કન્યાપક્ષે સોના ચાંદીના દાગીના સામાવાળા કુમારપક્ષ પાસેથી માંગણી કરી દરદાગીના લેવાનો વ્યવહાર રાખવો.

''તમે જેટલા ઉદાર બની શકો તેટલી વધુ ઊંચાઈ તમે સર કરી શકો''

# (૬) ગોરથ ગણવા વિષે

(A) વેવિશાળ વખતે લગ્ન ખર્ચ (દેશ)ની આપેલી રકમ **૨૧૨૫/=** બાદ કરી બાકી રહેતી રકમ **રૂા ૫૦૦૦/=** ગોરથ ગણતી વખતે કન્યાપક્ષને આપવી. (લગ્ન પ્રસંગે લગ્નખર્ચ (દેશ)ની **રૂપિયા ૭૧૨૫/=** કરતા વધુ રકમ લેવી નહીં. લગ્નપ્રસંગે સામૈયામાં સાળીને **રૂપિયા ૨૫૧/–** વરપક્ષ તરફથી આપવાના રહેશે.

(B) લગ્ન પ્રસંગે જ્ઞાતિપંચની નીચે જણાવ્યા મુજબની રકમ લેવી. જે રકમ સુરત મેઘવાળ સમાજ એજ્યુકેશન ટ્રસ્ટના શિક્ષણ ફંડમાં જમા કરાવવાની રહેશે. પરંતુ નવસારી–બીલીમોરા મેઘવાળ સમાજ એજ્યુકેશન ટ્રસ્ટમાં લગ્ન પ્રસંગે જે તે શહેરના એજ્યુકેશન ટ્રસ્ટને જમા કરાવવાની રહેશે.

| | |
|---|---|
| **૧૦૧/=** | રૂા વરપક્ષ તરફથી જ્ઞાતિપંચના લેવા |
| + **૫૦/=** | રૂા કન્યાપક્ષ તરફથી જ્ઞાતિપંચના લેવા |
| **૧૫૧/=** | રૂા કુલ જ્ઞાતિપંચના આપવા |

(C) લગ્ન પ્રસંગે શિક્ષણફંડના નીચે જણાવ્યા મુજબની રકમ લેવી. જે સુરત મેઘવાળ સમાજ એજ્યુકેશન ટ્રસ્ટમા તેમજ નવસારી–બીલીમોરા મેઘવાળ સમાજમાં લગ્ન પ્રસંગે જે તે રકમ જે તે શહેરના એજ્યુકેશન ફંડમાં જમા કરાવવાની રહેશે.

| | |
|---|---|
| **૫૦૦/=** | રૂા કુમારપક્ષ તરફથી લેવા |
| + **૫૦૦/=** | રૂા કન્યાપક્ષ તરફથી લેવા |
| **૧૦૦૦/=** | રૂા કુલ આપવા |

''આત્મવિશ્વાસ જેવી બીજી કોઈ દવા નથી''

લગ્નપ્રસંગે વરપક્ષ કે કન્યાપક્ષ સુરત મેઘવાળ સમાજ તથા નવસારી – બીલીમોરા મેઘવાળ સમાજ એજયુકેશન ટ્રસ્ટના આજીવન સભ્ય બને તે આવકારદાયક અને અભિનંદનને પાત્ર રહેશે.

(D) લગ્ન પ્રસંગે લગ્નવિધીના ઉકેલ માટે ગામોટીને આપવા

| | |
|---|---|
| ૩૦૦/= | રૂા વરપક્ષ તરફથી લેવા |
| + ૨૦૦/= | રૂા કન્યાપક્ષ તરફથી લેવા |
| ૫૦૦/= | રૂા કુલ આપવા |

(E) કુમારપક્ષ તરફથી ગામોટીને દાત–દક્ષિણાનાં **રૂા ૫૦/=** આપવા.

(F) દાત–દક્ષિણાનો સમાવેશ ઉપર જણાવેલ રકમમાં કરવામાં આવેલ છે. જેથી આ સિવાય વધુ રકમ આપવી નહીં. નાળીયેર પણ આપવું નહીં. આ પ્રસંગે સ્થાનિક મંદિરના **રૂા. ૧૦૧/=** વરપક્ષ તરફથી આપવાના રહેશે.

(G) કન્યાપક્ષની મરજી–સંમતિથી માંડવે આણું કરી શકશે. આ પ્રસંગ આવકારદાયક અને અભિનંદનને પાત્ર રહેશે. લગ્ન સાથેનું આણું મરજીયાત ધોરણે છે. ગામોટીને આણાની વિધી માટે **રૂા ૧૦૧/=** ઉકેલના કુમારપક્ષે આપવાનાં રહેશે, તેમજ આ પ્રસંગે આપેલ કરીયાવરની યાદીમાં લગ્ન કરાવનાર ગામોટી તથા કન્યાપક્ષ અને કુમારપક્ષના બે–બે સગા–સંબંધીઓની સહીઓ લેવાની રહેશે.

**''વ્યક્તિગત સ્વાર્થ કરતાં સમાજના લાભ માટે વધુ ધ્યાન આપવું જોઈએ''**

(H) વરરાજાને વીંટી–અંગુઠીની પહેરામણી મરજીયાત રાખવામાં આવે છે. (જો વીટીં કે અંગુઠી પહેરાવવામાં આવે તો તે સોના કે ચાંદીની છે તેની જાહેરાત કરવી તેમજ કરીયાવરના લીસ્ટમાં તેનો ઉલ્લેખ અલગથી કરવો જરૂરી છે) તેમજ કુમારપક્ષ તરફથી કન્યાને મંગળસુત્ર પહેરાવવું મરજીયાત છે. (તેમ છતાં મંગળસુત્ર પહેરાવવામાં આવે તો તે સોના કે ચાંદીનું છે તેની જાહેરાત કરવી તેમજ કરીયાવરના લીસ્ટમાં વરપક્ષ તરફથી મંગલસુત્ર પહેરાવવામાં આવેલ છે એવો ઉલ્લેખ અલગથી કરવો જરૂરી છે).

(I) લગ્નની પત્રિકા કે ચોખા સગા સંબંધીઓને વહેંચવાના મહેનતાણાના **રૂપિયા ૨૫૧/=** ગામોટીને આપવા.

(J) શ્રી ગણેશ સ્થાપનાનો શ્રી ગણેશજીનો મુડો ઉઠાવવા / વધાવવાના મહેનતાણાના **રૂપિયા ૧૦૧/=** જે તે ગામોટીને આપવા. તેઓને કોઈપણ પ્રકારની સોના–ચાંદીની વસ્તુ કે વધુ રકમ આપવી નહી. ગામોટીએ આવી કોઈ માંગણી કરવી નહી.

(K) સરકારી કચેરીએ લગ્નનું રજીસ્ટ્રેશન કરાવવું બન્ને પક્ષકારો માટે કાયદાકીય રીતે ફરજીયાત છે. તેમજ હિતાવહ પણ છે.

(L) લગ્ન કરાવ્યાનું પ્રમાણપત્ર લગ્ન વિધી કરાવનાર ગામોટીએ પક્ષકારોને આપવાનું રહેશે.

''આપણામાં સંગઠન, શીલ અને શિસ્ત થકી જ સમાજની ઉન્નતીમાં વધારો કરવો પડશે''

# ( ૭) નાતરૂ - ઘરઘરણું

(A) આ પ્રસંગે ખર્ચ પેટે (દેશની રકમ) **રૂા ૫૧૨૫/–** વરપક્ષ તરફથી કન્યાપક્ષને આપવાં તેમજ વરપક્ષવાળાએ કન્યા માટે બે કપડા, ચુડી કે બંગડી વિગેરે લઈ જવાં.

(B) આ પ્રસંગે જમણવાર આપી શકાશે. જમણવારના ખર્ચની રકમ પેટે કોઈ રકમ વરપક્ષ પાસેથી લેવી નહી કે માંગવી નહીં. આ પ્રસંગે વરપક્ષ તરફથી વધુ સંખ્યામાં સમુહમાં જ્ઞાતિજનોને ન લઈ જવા આગ્રહ રાખવો. અંગત સગા–સંબંધીઓ તથા ભાઈઓને જ લઈ જવા

(C) આ પ્રસંગે શિક્ષણફંડમાં વરપક્ષ તરફથી **રૂા ૨૦૦/=** અને કન્યાપક્ષ તરફથી **રૂા ૧૦૦/=** આપવાના રહેશે. જે સુરતના સ્થાનિકોએ સુરત મેઘવાળ સમાજ એજ્યુકેશન ટ્રસ્ટમાં તથા નવસારી બીલીમોરાના સ્થાનિકો એ જે ત્યાનાં મેઘવાળ સમાજ એજ્યુકેશન ટ્રસ્ટમા જમા કરાવવાના રહેશે.

આ પ્રસંગે વરપક્ષ કે કન્યાપક્ષ સુરત મેઘવાળ સમાજ એજ્યુકેશન ટ્રસ્ટ તથા નવસારી–બીલીમોરા મેઘવાળ સમાજ એજ્યુકેશન ટ્રસ્ટના આજીવન સભ્ય બને તે આવકારદાયક અને અભિનંદનને પાત્ર છે.

(D) આ પ્રસંગના ઉકેલ માટે ગામોટીને વરપક્ષ તરફથી **રૂા.૧૦૧** આપવાં.

(E) આ પ્રસંગે સમાજના કાગળ ઉપર વર તથા કન્યાની સહીઓ તેમજ હાજર સગા સંબધીઓની સહીઓ કરાવી એક નકલ કન્યા પક્ષને તથા તેની ઝેરોક્ષ નકલ વરપક્ષને આપવી. તદ્ઉપરાંત **રૂા. ૧૦૦/– + રૂા. ૧૦૦/–** ના સ્ટેમ્પ પેપર ઉપર નાતરૂ–ઘરઘરણું કર્યાનો કરાર કરી નોટરી રૂબરૂ રજીસ્ટર્ડ કરાવવો હિતાવહ રહેશે.

**''આપણું કાર્ય જેટલું સ્વહિતનું છે તેટલું જ રાષ્ટ્રહિતનું છે''**

(F) આ પ્રસંગે વર તથા કન્યાની ફૂલહારની ફોટોગ્રાફી તથા વિડીયોગ્રાફી કરવી જરૂરી છે. તેમજ તેનું રજીસ્ટ્રેશન સરકારી દફતરે કરાવવું બન્ને પક્ષકારો માટે હિતકારક છે.

(G) આ પ્રસંગે વર તથા કન્યાની અગાઉ થયેલ ફારગતી–છૂટાછેડાના સ્ટેમ્પ પેપર કરાર કાગળોની ચકાસણી કરી ફારગતી છૂટાછેડાના અસલ સ્ટેમ્પ પેપર કરાર કાગળ વગેરે બન્ને પક્ષકારોએ સામસામે અદલાબદલી કરી એકબીજાના વાલી વારસોને આપવા.

(H) આ પ્રસંગે કન્યાપક્ષવાળા તરફથી આપવામાં આવેલ ભેટ, સ્ત્રીધન કરીયાવરના કાગળ ઉપર વરપક્ષના બે સગાસંબંધીઓ તેમજ ગામોટીની સહી લેવી.

## (૮) પુનઃલગ્ન

(A) સુરત મેઘવાળ સમાજમા છૂટાછેડા કે ફારગતી થયેલ મહિલાના પુનઃલગ્ન કરી શકાશે. પુનઃલગ્નમાં દરેક વ્યવહાર લગ્ન પ્રસંગના જ્ઞાતિ બંધારણ મુજબ બન્ને પક્ષકારોએ આપવાનો રહેશે.



''સુખ હંમેશા દુઃખને અંતે પ્રાપ્ત થાય છે''

# (૯) ફારગતી - છૂટાછેડા

## (અ) કાચી ફારગતી

(A) વેવિશાળ થયું હોય ત્યારે જો કુમારપક્ષની નામરજીથી છૂટાછેડા ફારગતી લેવાની હોય તેવા કિસ્સામાં ફારગતીની રકમ હાજર રહેલ જ્ઞાતિપંચ (લવાદ) જે નક્કી કરે તે કુમારપક્ષને પરત કરવી.

(B) વેવિશાળ થયું હોય ત્યારે જો કન્યાપક્ષની નામરજીથી છૂટાછેડા–ફારગતી લેવાની હોય તેવા કિસ્સામાં ફારગતીની રકમ હાજર રહેલ જ્ઞાતિપંચ (લવાદ) જે નકકી કરે તે કુમારપક્ષને પરત કરવી.

(C) ફારગતીના કાગળ ઉપર લખાણ કરી કુમાર અને કન્યાની સહી લેવી. તેમજ જ્ઞાતિપંચના હાજર સભ્યોની સહીઓ લેવી. મૂળ નકલ કન્યા પક્ષને આપવી. ઝેરોક્ષ નકલ કુમારપક્ષને આપવી.

(D) આ પ્રસંગે બંને પક્ષકારો પાસેથી **રૂા. ૧૦૦/= + રૂા. ૧૦૦/=** જ્ઞાતિપંચ (લવાદ)નાં લેવા. ઉપરોકત રકમ સુરત મેઘવાળ સમાજ એજયુકેશન ટ્રસ્ટ કે નવસારી–બીલીમોરા મેઘવાળ સમાજના એજ્યુકેશન ટ્રસ્ટમાં જમા કરાવવાના રહેશે.

## (બ) પાકી ફારગતી

(A) લગ્નબાદ પતિ કે પત્નીની નામરજી કે અન્ય સંજોગો ઉભા થાય ત્યારે પાકી ફારગતી છૂટાછેડા માંગવામાં આવે તે વખતે હાજર રહેલ પાંચ

''જે સમાજ સમર્પણ માટે તૈયાર થાય તેની ઉન્નતી થયા વિના રહેશે નહિ''

આગેવાનોનું જ્ઞાતિપંચ (લવાદ) જે ફારગતીની જે રકમ નક્કી કરે તે જે–તે પક્ષકારને આપવી. આવા કિસ્સામાં હાજર રહેલ પાંચ આગેવાનોનો જ્ઞાતિપંચ (લવાદ)નો નિર્ણય બન્ને પક્ષનાને બંધનકર્તા રહેશે.

(B) આવા પ્રસંગે ફારગતી છૂટાછેડા આપવાનું નક્કી થાય ત્યારે પત્ની તરફથી લાવેલ–આપેલ કરીયાવર–સ્ત્રીધન–ખીહરના ખીચડામાં આપેલ વાસણ, મા માટલી, દિવો, વરમાસી, બાજઠ વિગેરે તમામ ચીજ વસ્તુઓ પતિપક્ષે પરત કરવાની રહેશે. તેમજ લગ્નમાં ઓઢામણી કરેલ સોનાની વીંટી કે અંગુઠી પત્ની પક્ષનાને ધણી (પતિ) પક્ષના ને પરત કરવાની રહેશે તેમજ પત્ની પક્ષે પતિ (ધણી)પક્ષને લગ્નપ્રસંગે પહેરાવેલ મંગળસુત્ર પરત કરવાનું રહેશે. તેમજ લગ્ન પ્રસંગની ચુંદડી તથા લગ્નના કપડા જે–તે પક્ષકારને પરત કરવાના રહેશે. કન્યાપક્ષ તથા વરપક્ષ તરફથી કરવામાં આવેલ સોનાની વસ્તુની ઓઢામણી એકબીજા પક્ષકારોએ પરત કરવાની રહેશે.

(C) ફારગતી છૂટાછેડા નકકી થાય ત્યારે જ્ઞાતિપંચનાં પતિપક્ષે રૂા ૨૦૦/= તથા પત્નિપક્ષે રૂા ૨૦૦/= એમ કરીને કુલ રકમ રૂા ૪૦૦/= આપવાની રહેશે તથા એ રૂા. ૪૦૦/=ની રકમ સુરતના સ્થાનિકાએ સુરત મેઘવાળ સમાજ એજ્યુકેશન ટ્રસ્ટ અને નવસારી–બીલીમોરાના સ્થાનિકોએ ત્યાંના એજ્યુકેશન ટ્રસ્ટમાં જમા કરાવવાની રહેશે.

**''પતિ–પત્નિના વચ્ચેનો સંબંધ સૌથી નજીકના મિત્રોના સંબંધ સમાન હોવો જોઈએ''**

(D) ફારગતીના સમાજના છૂટાછેડાનાં કાગળ ઉપર પતિ–પત્નીની સહી લેવી. તથા હાજર રહેલ જ્ઞાતિપંચના (લવાદ) સભ્યોની સહીઓ લેવી. તેમજ તેની મૂળ નકલ પત્નિ પક્ષને આપવી અને ઝેરોક્ષ નકલ પતિ પક્ષને આપવી. ફારગતી–છૂટાછેડા **રૂા ૧૦૦/=** સ્ટેમ્પ પેપર પર કરાવી તેને નોટરી કરાવવું ફરજીયાત અને જરૂરી છે.

(E) ફારગતી–છૂટાછેડા વખતે  બન્ને પક્ષકારોએ અરસ પરસ સામ સામે આક્ષેપો કરેલ હોય તેવા કિસ્સામાં હાજર રહેલ પાંચ આગેવાનોનો જ્ઞાતિપંચ (લવાદ)નો નિર્ણય બન્ને પક્ષકારોને બંધનકર્તા રહેશે.

(F) લગ્નબાદ પતિ–પત્ની બન્ને પક્ષકારોમાંથી એક પક્ષકારનું કુદરતી કે અકુદરતી મૃત્યુ (અવસાન) થયું હોય તેવા કિસ્સામાં પતિ પક્ષ તરફથી પત્ની પક્ષવાળાને કરીયાવરમાં લાવેલ તમામ ચીજ–વસ્તુઓ પરત આપવાની રહેશે. પરંતુ બન્ને પક્ષકારોની અરસ પરસની સમજુતીથી તેઓના (મૃતક) સંતાનો હયાત હોય તો કરીયાવર પરત કરવા કે ન કરવા તે વ્યવહાર અરસપરસની સમજૂતીથી કરી શકાશે.

(G) લગ્નબાદ પતિ–પત્ની બન્ને પક્ષકારોમાંથી પતિનું કુદરતી કે અકુદરતી મૃત્યુ (અવસાન) થયુ હોય તેવા કિસ્સામાં પત્નિપક્ષ તરફથી છૂટાછેડા –ફારગતી માંગવામાં આવે ત્યારે પતિ પક્ષના વાલી વારસોએ પાંચ આગેવાનોનો જ્ઞાતિપંચોને બોલાવી જ્ઞાતિપંચ (લવાદ) જે નિર્ણય કરે તે નિર્ણય માન્ય રાખી કાર્યવાહી કરી ફારગતી છૂટા છેડા આપવાના રહેશે.

''ધર્મ મનુષ્ય માટે છે, મનુષ્ય માટે ધર્મ નથી''

(H) લગ્નબાદ પતિ–પત્નિ બન્ને પક્ષકારોમાંથી પત્નીનું કુદરતી કે અકુદરતી મૃત્યુ (અવસાન) થયુ હોય તેવા કિસ્સામાં પતિપક્ષ તરફથી છૂટાછેડા–ફારગતી માંગવામાં આવે ત્યારે પતિ પત્નીપક્ષના વાલી વારસોએ પાંચ આગેવાનોનો જ્ઞાતિપંચોને બોલાવી જ્ઞાતિપંચ (લવાદ) જે નિર્ણય કરે તે નિર્ણય માન્ય રાખી કાર્યવાહી કરી ફારગતી છૂટાછેડા આપવાના રહેશે.

(I) પતિપક્ષના તથા પત્નીપક્ષનાં પક્ષકારો–સમાજનાં સભ્યો જયારે ફારગતી છૂટાછેડા મેળવવા જે તે કામ માટે ભેગા થાય તેવોને તે કામ પૂરતા પાંચ આગેવાનોનો જ્ઞાતિપંચ (લવાદ) ગણવામાં આવશે. તેઓનો નિર્ણય બંને પક્ષકારોએ મંજુર રાખવાનો રહેશે.

(J) છૂટા છેડા ફારગતી લેનાર–કરનાર બન્ને પક્ષકારોએ ભવિષ્યે એકબીજાની સ્થાવર–જંગમ માલ–મિલ્કત ઉપર કોઈપણ પ્રકારનો હકક અધિકાર ઉભા કરવાના નથી. કોર્ટ પ્રકરણ ઉભા કરવાના નથી. તેમજ ફારગતી – છૂટાછેડા લીધા બાદ કોઈપણ પક્ષકારના કુદરતી કે અકુદરતી મૃત્યુ–અવસાન પ્રસંગે વારસદાર આશ્રિત તરીકેના કોઈપણ પ્રકારના લાભો જેવા કે સ્થાવર કે જંગમ માલ મિલકત કે પ્રો.ફંડ, ગ્રેજયુઈટી, ફેમીલી પેન્શન, વીમો, સર્વિસ કે રહેમરાહે નોકરી મેળવવા માટે કોઈપણ પ્રકારના હકકો કે કોઈ અધિકાર હયાત પક્ષકારે ઉભા કરવા કે કરાવવા નહી. તેમ છતાં આવા હક–દાવા ઉભા કરવામાં આવે તો સમાજના જ્ઞાતિબંધારણ મુજબ રદ–બાતલ ગણાશે.

(K) સમાજના કેટલાક કિસ્સામાં ફારગતી છૂટાછેડા થયા બાદ લખ્યા–અણલખ્યા યાને કે થયેલ ફારગતી રદ બાતલ–ફોક કે કાગળ ફાડવાનો

''જીવન લાંબુ હોવાના બદલે મહાન હોવું જોઈએ''

પ્રસંગ ઉભો થાય છે. આવા પ્રસંગે હાજર જ્ઞાતિપંચ જે નિર્ણય કે ફેસલો કરે તે બન્ને પક્ષકારોએ તે નિર્ણય માન્ય રાખવો. તેમજ તે મુજબ ખર્ચની રકમ (દેશ) ચુકવવું.

## ( ૧૦ ) ખીહરનો ખીચડો - મકરસંક્રાંતીનો તહેવાર

(A) લગ્ન બાદ પ્રથમ મકરસંક્રાતીનાં તહેવાર વખતે કન્યાપક્ષ તરફથી આપવામાં આવતા ખીહરના ખીચડાની પ્રથા ચાલુ રાખવામાં આવે છે.

(B) ફારગતીના સંજોગો ઉભા થાય ત્યારે પતિ પક્ષનાએ પત્નિ પક્ષવાળાઓને ખીહરના ખીચડામાં આપેલ તપેલું, પવાલી કે અન્ય કોઈ વસ્તુ પરત કરવાની રહેશે. પતિ પક્ષની સોનાની ઓઢામણી (અંગુઠી વગેરે) પત્ની પક્ષે પરત કરવાની રહેશે.

## ( ૧૧ ) શ્રીમંત - ખોળા ભરણું

(A) પરગણાનાં રીત રિવાજ મુજબ બન્ને પક્ષકારોની રાજીખુશી–સંમત્તિથી આ પ્રસંગને ઉકેલવાનો રહેશે.



''દુઃખનું કારણ દૂર કરી એને સમાપ્ત કરવું એ સમાજની હિંમત માટે જરૂરી છે''

# ( ૧૨ ) કન્યાને કરીયાવર

(A) લગ્નપ્રસંગે તથા પુનઃલગ્ન પ્રસંગે કન્યાને કરીયાવર અને ઘર વપરાશની કોઈપણ સાધન સામગ્રી ભેટ આપી શકાશે. તે માટે કોઈ મર્યાદા નથી આપણા જ્ઞાતિના બંધારણ મુજબ કોઈપણ પક્ષકારો પાસેથી દહેજ લેવા કે દેવા તે કાયદેસર ગુન્હો છે. જેથી દહેજ લેવા કે દેવા પર પ્રતિબંધ રાખવામાં આવે છે.

(B) આવા પ્રસંગે ફારગતી છૂટાછેડા આપવાનું નકકી થાય ત્યારે પત્ની પક્ષ તરફથી આપેલ સ્ત્રી–ધન, દરદાગીના, કરીયાવર વિગેરે તમામ ચીજ વસ્તુઓ વરપક્ષે પરત કરવાની રહેશે.

(C) લગ્નબાદ પતિ પત્ની બન્ને પક્ષકારોમાંથી પતિનું કુદરતી કે અકુદરતી મૃત્યુ (અવસાન) થયુ હોય તેવા કિસ્સામાં પતિપક્ષ તરફથી પત્નીપક્ષ વાળાને કરીયાવરમાં લાવેલ તમામ ચીજ વસ્તુઓ પરત આપવાની રહેશે.

(D) લગ્નબાદ પતિ–પત્ની બન્ને પક્ષકારોમાંથી પત્નીનું કુદરતી કે અકુદરતી મૃત્યુ (અવસાન) થયુ હોય તેવા કિસ્સામાં પતિપક્ષે, પત્નીપક્ષ વાળાને તમામ કરીયાવર–સ્ત્રીધન જો તેમની માંગણી હોય તો પરત કરવાનું રહેશે. આ બાબતે તકરાર કરવી નહી.

**''મનુષ્ય નશ્વર છે, તેમજ વિચાર પણ નશ્વર છે.<br>જેમ એક છોડને પાણીની જરૂર હોય છે તેમ<br>એક વિચારને પણ પ્રચાર અને પ્રસારની જરૂર હોય છે<br>નહીતર બંને કરમાઈને મરી જાય છે.''**

# ( ૧૩ ) અપહરણ - અપનયન - કાઢપણું

(A) જો દિકરા–દિકરી કુંવારા તથા ઉંમરલાયક હોય અને બન્ને પોતાની સંમતિથી લગ્ન કરવા રાજીખુશી હોય પરંતુ તેમાં કોઈ એક પક્ષના વડીલોની ના મરજી–ના સંમતિ હોય ત્યારે કન્યાના અપહરણનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે. એટલે આવા સંજોગોમાં બન્ને પક્ષકારે જ્ઞાતિપંચ (લવાદ) બોલાવવી. જ્ઞાતિપંચ (લવાદ)નાં નિર્ણય મુજબ અમલ કરવાનો રહેશે. ઉપરાંત લગ્ન ખર્ચ (દેશ)ની રકમ હાજર જ્ઞાતિપંચ નક્કી કરશે. તે બન્ને પક્ષકારોએ માન્ય રાખવી પડશે. આવા પ્રસંગે જ્ઞાતિપંચના **રૂા ૫૦૧/=** દિકરાપક્ષ તરફથી આપવાનાં રહેશે. જે રકમ સુરતના સ્થાનિકોએ સુરત મેઘવાળ સમાજ એજ્યુકેશન ટ્રસ્ટ તથા નવસારી–બીલીમોરાના સ્થાનિકોએ ત્યાનાં મેઘવાળ સમાજ એજ્યુકેશન ટ્રસ્ટના શિક્ષણફંડમાં જમા કરાવવાની રહેશે.

(B) કોઈ પરણેલા સ્ત્રી–પુરૂષ તથા કુંવારી સ્ત્રી કે કુંવારો પુરૂષ કાઢપણું (અપનયન) કાઢે તેવા સંજોગોમાં એક પક્ષકારની સંમતિથી જ્ઞાતિપંચ બોલાવી કે ભેગી કરી જ્ઞાતિપંચનાં નિર્ણય મુજબ અમલ કરવાનો રહેશે. ઉપરાંત લગ્ન ખર્ચ (દેશ)ની રકમ હાજર જ્ઞાતિપંચ નકકી કરશે. તે બન્ને પક્ષકારોએ માન્ય રાખવી પડશે. આવા પ્રસંગે જ્ઞાતિપંચના **રૂા ૫૦૧/=** દિકરાપક્ષ તરફથી આપવાનાં રહેશે. જે રકમ સુરતના સ્થાનિકોએ સુરત મેઘવાળ સમાજ એજ્યુકેશન ટ્રસ્ટ તથા નવસારી–બીલીમોરાના સ્થાનિકોએ ત્યાનાં મેઘવાળ સમાજ એજ્યુકેશન ટ્રસ્ટના શિક્ષણફંડમાં જમા કરાવવાની રહેશે.

**''મહત્વ ઊંચા આદર્શોનું છે, ઉચ્ચ જાતિનું નહિં''**

(C) પરણેલી સ્ત્રીનુ કાઢપણું કાઢવામાં આવે કે કુંવારી કન્યાનું અપહરણ કરવામાં આવે ત્યારે તેનો કરીયાવર (સ્ત્રીધન), માલ મિલ્કત, નોકરીના હકક, પ્રો.ફંડ, સર્વિસ, તથા પેન્શન વિગેરે પર કોઈપણ પ્રકાસ્નો હકક–દાવો–અધિકાર કોઈ પક્ષકાર તરફથી કરવામાં આવે ત્યારે હાજર પાંચ આગેવાનોનો જ્ઞાતિપંચ જે નિર્ણય ફેસલો આપે તે બન્ને પક્ષકારોને માન્ય રાખવો પડશે.

## ( ૧૪ ) શ્રી બાબા રામદેવપીરનો પાટોત્સવ-કથા-ભજન-બારમતિ

(A) ધાર્મિક શ્રધ્ધા પ્રમાણે મેઘવાળ સમાજનો કોઈપણ સભ્ય શ્રી બાબા રામદેવપીરનો પાટોત્સવ, શ્રી પાલણપીરની બારમતિ તથા શ્રી વિષ્ણુ ભગવાનનો ઓચ્છવ પાટોત્સવ કરી શકે છે. આ પાટોત્સવ, બારમતિમાં સાધુ–પંડિત–બ્રાહ્મણ–ગરને ભોજન–દક્ષિણા આપવાના રિવાજ છે તે મુજબ યથાશકિત પ્રમાણે દાન–દક્ષિણા આપી શકાશે. આ પ્રસંગે સમાજનાં સભ્યો પાટોત્સવમાં યથાશકિત મુજબ રકમ આપી શકશે. સ્વર્ગસ્થના સ્મણાર્થે સમાજની ધાર્મિક, સામાજીક સંસ્થા કે મંદિરને દાન આપી શકાશે. પરંતુ સુરત મેઘવાળ સમાજ એજ્યુકેશન ટ્રસ્ટમા શિક્ષણ ફંડમાં ઓછામાં ઓછું **રૂા. ૫૦૧/–** ફરજીયાત આપવાનું રહેશે. તથા નવસારી–બીલીમોરાના સ્થાનિકોએ મેઘવાળ સમાજ એજ્યુકેશન ટ્રસ્ટને શિક્ષણ ફંડમાં ઓછામાં ઓછું **રૂા. ૨૫૧/–** ફરજીયાત આપવાનું રહેશે. આ માટે વધુ દાન આપવા માટે કોઈ મર્યાદા રાખવામાં આવી નથી. આ પ્રસંગે મૃતક પરિવારના

''બુદ્ધિનો વિકાસ માનવીના અસ્તિત્વનું અંતિમ લક્ષ્ય હોવું જોઈએ''

સભ્ય સુરત મેઘવાળ સમાજ એજ્યુકેશન ટ્રસ્ટમાં આજીવન સદસ્ય બને તે આવકારદાયક અને અભિનંદનને પાત્ર રહેશે. આવા પ્રસંગે આપવામાં આવતા દાન મરજીયાત રહેશે. પાટોત્સવમાં આવેલી કુલ રકમમાંથી જે–તે ગામોટીને તેના હકની **૨૫ %** રકમ જે તે ગુરૂ મહારાજે ફરજીયાત આપવાની રહેશે. તેમજ પાટોત્સવ બારમતિમાં ભોજન લેવા બેસે તે સાધુ–પંડિત– બ્રાહ્મણ–ગરને જ ભોજન–દક્ષિણા આપવી. ઘરબેઠા કોઈ ભોજન–દક્ષિણા આપવી નહીં કે ગામોટીએ તેની માંગણી કરવી નહી.

## ( ૧૫ ) મૃત્યુ - અવસાન

**(A)** મેઘવાળ સમાજમાં કોઈપણ સ્ત્રી–પુરૂષ મૃત્યુ–અવસાન પામે તેની જે–તે ગામોટી પાસે ‘સાદ’ પડાવી જાણ કરવી પરંતુ સગા–સંબંધીની વાટ–રાહ જોવાના હોય તો સાદ પડાવતી વખતે સમય જાહેર કરવો જેથી મેઘવાળ સમાજનાં લોકો સમયસર હાજરી આપી શકે.

**(B)** મૃત્યુ પામનારના નજીકના પાંચ સગાઓને જ લઈને બજારે જઈ ‘નિહાર’નો સામાન લઈ લેવો, પુરૂષના અવસાનમાં તેનો મોસાળપક્ષ તથા પિતૃપક્ષ ‘સોડ’ કફન લેશે. જયારે મહિલા–સ્ત્રીવર્ગના અવસાન પ્રસંગે સાસરીયા તરફથી ‘સોડ’ કફન લાવવાનું રહેશે. અંતિમ સંસ્કાર કરવા જવા માટે શબવાહિનીની સગવડનો લાભ લેવો. સ્ત્રીવર્ગ મહિલાના મૃત્યુ–અવસાન વખતે બારમાના દિવસે પિયરીયા

**‘‘જે સારું છે અને ઉચિત છે તેની વ્યાખ્યા કરવી એનું નામ જ સદાચાર છે’’**

(માવતર)પક્ષ તરફથી કાંટીયાની **રૂા. ૧૦૦/=** રકમ પ્રતિક–ટોકન રૂપે આપી શકાશે.

**(C)** મૃત્યુ પામનાર વ્યકિત (સ્ત્રી–પુરૂષ)ની નનામી કાઢયા બાદ 'ચા' મોઢે કરાવવાની જે પ્રથા છે. તે ચાલુ રાખવામાં આવે છે. ચા મોઢે કરાવવા માટે સંજોગો પ્રમાણે રકમ ઉઘરાવવી. સ્ત્રીવર્ગ 'ચા' મોઢે કરાવી શકશે. આ પ્રસંગે સ્ત્રીવર્ગે 'છાજીયા' લેવાનો રીવાજ–પ્રથા સંપૂર્ણપણે બંધ કરવામાં આવે છે. જીવ ઉઠામણાની વિધી માટે ગામોટીને **રૂા ૨૫/=** આપવાનાં રહેશે. આ પ્રસંગે ગામોટીએ કાંસાની થાળી કે કપડાની માંગણી કરવી નહી તેમજ ઘરધણીએ આવાં પ્રકારની વસ્તુ આપવી નહીં.

---

કોઈપણ કારણસર અવસાન પામેલી વ્યક્તિનું નામ જે–તે સંસ્થાઓ, સરકારી કે અર્ધસરકારી ખાતાઓમાંથી કમી કરાવવું જરૂરી છે. અને તે માટે અવસાન પામેલ વ્યક્તિનો મરણદાખલો હોવો આવશ્યક છે. મૃતદેહને સ્મશાને લઈ જઈએ ત્યારે શબવાહિનીની પાવતીમાં શબવાહીની વાહકે અવસાન પામેલ વ્યક્તિનું નામ સાચુ લખ્યું છે કે નહી તેની ખરાઈ કરી લેવી. આ નામ અવસાન પામેલ વ્યક્તિનો જન્મ દાખલો / સ્કૂલ લીવીંગ સર્ટીફીકેટ કે જયાં નોકરી કરતા હતા તે સંસ્થામાં તેના નામ પ્રમાણે લખાયું છે કે નહી તેની ખાત્રી કરી લેવી. સ્મશાનમાં અગ્નિસંસ્કાર કરતી સંસ્થાના કાર્યાલયમાંથી અગ્નિસંસ્કાર કર્યાની પહોંચમાં પણ સાચુ નામ લખાયું છે કે નહી તેની ચકાસણી કરી લેવી. સ્મશાન માંથી આપવામાં આવતી પહોંચ સુરત મહાનગર પાલિકાની જે તે ઝોન ઓફિસમાં રજૂ કરતા અને મરણદાખલા માટેનું ફોર્મ ભર્યેથી મરણ દાખલો આપવામાં આવે છે. આ સમયે પણ નામ ખરું લખાયું છે કે નહી તેની ચકાસણી કરવી હિતાવહ છે.

---

**''અચૂક કંઈ જ નથી, દરેક વાતનું વિશ્લેષણ થઈ શકે છે''**

# ( ૧૬ ) પરબ-બારમાની વિધી

(A) મૃત્યુ પામનાર વ્યકિતનું બારમું–પરબ બાર દિવસે કરવું પરંતુ દિવસની અગવડતાને કારણે બારમું વહેલું કરી શકાશે. બારમા (પરબ)ની વિધી સાંજના ૬ વાગ્યે કરવી. તથા નવસારી–બીલીમોરા મેઘવાળ સમાજના જ્ઞાતિજનો આ વિધી સવારે કરી શકશે.

(B) મૃત્યુ પામનારના નજીકના કુટુંબીજનોએ કાયદા–કળપીયાં વિગેરે બજાર ખરીદીનું કામ નજીકના અંગત પાંચ સગા સંબંધીઓને લઈ જઈ કરી આવવું. ત્યારબાદ મુંડન વિધીનું કામકાજ નદીએ (જળકાંઠે) સવારે કે સાંજે જઈને ઉકેલી લેવું આ પ્રસંગે મોટો સમુહ ભેગો કરવો નહી. તેમજ અવસાન પામનારના કુટુંબીજનો ઘરે–ઘરે જઈ બજાર લેવાનું કહેવા જાય છે તે પ્રથા બંધ કરવામાં આવે છે.

(C) આ પ્રસંગે સાંજે મોરીયા (ઘડા)ની વિધી કરવી. ઘડા–મોરીયાની જુની પ્રથામાં કાપ મૂકી ફકત બે જ લાઈન મુકવી.

(D) કુંવારી કન્યા (દિકરી)ના અવસાન થયેથી તેની એક માટલી ત્યાર પછીના સ્વજનના બારમાં પ્રસંગે અલગથી મૂકવી આ કામે કાયદા–કળપીયા વિગેરે લાવવા નહીં તેમજ ગામોટીને કોઈપણ હક માંગણી આપવી નહીં.

(E) કુંવારી કન્યા (દિકરી)ના અવસાન થયાના બાર દિવસે પ્રાર્થના સભા રાખી શકાશે. જે પ્રસંગે ફકત રૂા ૧/= મોસાળપક્ષનો વેવારનો લેવો. આ પ્રસંગે ચા–પાણી આપવા. ગામોટી હાજર હોય તો રૂા. ૧૦૧/– આપવા. અન્ય કોઈપણ વસ્તુ ગામોટીને આપવી નહીં.

''હિંસા કે અહિંસા કેવળ આગ્રહની સિદ્ધિ માટેના સાધનો છે.''

(F) બારમાં / પરબમાં વેવાર વખતે મરનાર પુરૂષનાં મોસાળપક્ષનો ફકત એક રૂપિયો વેવારનો લેવો. તેમજ મરનાર સ્ત્રીવર્ગનાં મૃત્યુ પ્રસંગે તેના પિતૃપક્ષ (માવતર)નો એક રૂપિયો વેવારનો લેવો. સમાજનાં સગાં સંબંધીઓ પાસેથી વેવાર લેવાની જુની પ્રથા સદંતર બંધ કરવામાં આવે છે.

(G) બારમાં / પરબની વિધી કરનાર ગામોટીને કાંસાની થાળી, તાંબાનો લોટો, પાંચ મીટર સફેદ કાપડ પુરૂષ વર્ગ માટે, તથા સૌભાગ્યવતી સ્ત્રીવર્ગ માટે પાંચ મીટર લીલા કલરનું કાપડ, તથા વિધવા સ્ત્રી વર્ગ માટે પાંચ મીટર લાલ કલરનું કાપડ અને પુરૂષ વર્ગ માટે બૂટ તથા સ્ત્રીવર્ગ માટે ચંપલ તથા ઉકેલના **રૂા ૧૫૧/=** આપવાં. વંશી ગોર હાજર હોય તો બીજી કાંસાની થાળી લાવી તેમને આપવી. તેમજ **રૂા. ૧૫૧/=** ઉકેલના આપવા. આ સિવાય ગુરૂ–ગોળીયા હાજર હોય તો જ **રૂા. ૧૫૧/=** આપવા.

(H) અપરણિત વ્યક્તિની લીલ પરણાવવાની વિધી સમાજના રીતરિવાજ મુજબ સવારે કરવી. તેમજ યુવાન અપરણિત વ્યક્તિની બારમાની વિધી સવારે જ કરી લેવી. તેની વિધીના **રૂા. ૧૦૧/=** ગામોટીને ઉકેલ આપવાં.

(I) બારમા / પરબ પ્રસંગે મરનાર વ્યકિત (સ્ત્રી–પુરૂષ)ની ૬૫ વર્ષની ઉપરની ઉમર ધ્યાનમાં લઈ મિષ્ઠાન ભોજનની વ્યવસ્થા કરી શકાશે. ૬૫ વર્ષની નીચે ઉમર હોય તો ચા–પાણી તેમજ બહારગામથી આવેલા મહેમાનો માટે શાક–રોટલા કરવા. બારમા–પરબ વખતે

''સત્તા પોતાની મેળે કદી આત્મહત્યા કરતી નથી''

રાત્રે સંધ્યાઢાળનો પાઠ કરવાની કે બારમાની વિધી વખતે ભજન રાખવાની કે ગવડાવવાની પ્રથા બંધ કરવામાં આવે છે.

(J) બારમા / પરબ પ્રસંગે બીજા દિવસે 'ડાયરો' રાખવાની પ્રથા બંધ કરવામાં આવે છે.

(K) મૃત્યુ / અવસાન પાછળ સગા સંબંધીઓ તરફથી મૃત્યુ પામનારના કુટુંબીજનોને કેરી, ખજુર, માંસાહાર વગેરે 'મોઢે' કરાવવાની જુની પ્રથા બંધ કરવામાં આવે છે.

(L) સ્વર્ગસ્થના સ્મરણાર્થે સમાજની ધાર્મિક, સામાજિક સંસ્થા કે મંદિરને ઘરધણીની ઈચ્છા મુજબ દાન આપી શકાશે. પરંતુ દાનના કવરોની જાહેરાત ગામોટી કે અન્ય કોઈપણ વ્યક્તિ પાસે કરાવી શકાશે નહી. સુરત મેઘવાળ સમાજ એજયુકેશન ટ્રસ્ટને શિક્ષણ ફંડમાં ઓછામાં ઓછા **રૂા.૫૦૦/–**નું દાન ફરજીયાત આપવાનું રહેશે. પરંતુ યુવાન વયે અકુદરતી કે અકાળે અવસાનના પ્રસંગે દાન ફાળો મરજીયાત રહેશે. આ માટે વધુ દાનની કોઈ મર્યાદા રાખવામાં આવી નથી. આ પ્રસંગે મૃતક પરિવારના સભ્ય સુરત મેઘવાળ સમાજ એજયુકેશન ટ્રસ્ટ તથા નવસારી–બીલીમોરા મેઘવાળ સમાજ એજ્યુકેશન ટ્રસ્ટમાં આજીવન સદસ્ય બને તે આવકારદાયક અને અભિનંદનને પાત્ર રહેશે. આવા પ્રસંગે આપવામાં આવતા દાન મરજીયાત રહેશે.

(M) બારમા પ્રસંગે આવતા શોક–સંદેશામાં શોક સંદેશો મોકલનાર વ્યક્તિ કે સંસ્થાનું નામ જાહેર કરવું. શોક સંદેશાનું વાંચન ગામોટીએ કે અન્ય કોઈએ પણ કરવું નહીં.

''પ્રત્યેક મનુષ્યને વિચાર સ્વાતંત્ર્ય છે''

# ( ૧૭ ) રૂઢિચુસ્ત રિવાજ બંધ કરવા અંગે

વર કે કન્યાને વાનોળો આપવાની પ્રથા બંધ કરવામાં આવેલ છે.

લગ્ન પ્રસંગે ગામોટી દ્વારા રંભો કે મંગળની થાળી ફેરવવાનું બંધ કરવામાં આવે છે.

મામેરાનું ખર્ચ–જમણવાર આપવાની પ્રથા બંધ કરવામાં આવે છે. .

મામેરૂ લાવનાર મોસાળ પક્ષને **રૂા ૧૦૦/=** સન્માન તરીકે ઓઢામણીના આપવા.

પરબ બારમાની વિધી પ્રસંગે ઘડા–મોરીયાની જુની પ્રથામાં કાપ મૂકી ફકત બે જ લાઈન મૂકવી. તેમજ કુંવારી કન્યા (દિકરી)ના અવસાન થયેથી તેની એક માટલી મૂકવી આ કામે કાયદા–કળપીયા વિગેરે લાવવા નહીં તેમજ ગામોટીને કોઈપણ હક માંગણી આપવી નહીં. .

બારમાની વિધી પ્રસંગે ભરણ ભરવાની વિધી વધુમાં વધુ પાંચ સ્ત્રીઓ એ જ કરવાની રહેશે. પાંચથી વધુ સ્ત્રીઓએ ભરણ ભરવાની વિધી કરવી નહીં. .

બારમાં / પરબમાં વેવાર વખતે સમાજનાં સગાં સંબંધીઓ પાસેથી વેવાર લેવાની જુની પ્રથા સદંતર બંધ કરવામાં આવે છે. .

બારમા / પરબ વખતે રાત્રે સંધ્યાઢાળનો પાઠ કરવાની કે ભજન ગવડાવવાની કે રાખવાની પ્રથા બંધ કરવામાં આવે છે. .

બારમા / પરબ પ્રસંગે બીજા દિવસે 'ડાયરો' રાખવાની પ્રથા બંધ કરવામાં આવે છે. મૃત્યુ / અવસાન પાછળ સગા સંબંધીઓ તરફથી મૃત્યુ પામનારના કુટુંબીજનોને કેરી–ખજુર – માંસાહાર વગેરે 'મોઢે' કરાવવાની જુની પ્રથા બંધ કરવામાં આવે છે.

સુરત મેઘવાળ સમાજમાં જૂની રૂઢિચુસ્ત ઘુંઘટ (લાજ) કાઢવાની પ્રથા અમલમાં ક્યારેય હતી નહી. તેમ છતાં હવેથી ઘુંઘટ (લાજ) પ્રથા સુરત મેઘવાળ સમાજમાંથી નાબુદ કરવામાં આવે છે.

**''આત્મોદ્ધાર કદી અન્યની કૃપાથી થતો નથી, એ તો પોતે જ કરવો પડે છે''**

## ⁂ ખાસ નોંધ ⁂

સુરત મેઘવાળ સમાજ તથા નવસારી–બીલીમોરા મેઘવાળ સમાજના જ્ઞાતિબંધારણનું અમલીકરણ સવંત ૨૦૭૩ ચૈત્ર વદ ૧૧ને શનિવાર તા.૨૪/૪/૨૦૧૭ થી કરવાનું રહેશે. અગાઉ થયેલ સગાઈ વેવિશાળનો નવા બંધારણ મુજબ લગ્ન સમયે વ્યવહાર કરવાનો રહેશે.

ગામોટી ગોર મહારાજને તેઓ દ્વારા કરવામાં આવતી કામગીરી તેમજ જે તે મહેનતાણામાં દર પાંચ વર્ષે ૧૦ ટકા વધારો કરી આપવાનો રહેશે.

સુરત મેઘવાળ સમાજ એજ્યુકેશન ટ્રસ્ટ તથા નવસારી – બીલીમોરા મેઘવાળ સમાજ એજ્યુકેશન ટ્રસ્ટના દરેક ફાળાની રકમમાં દર પાંચ વર્ષે ૧૦ ટકા વધારો કરવાનો રહેશે.

સુરત મેઘવાળ સમાજ કે સમસ્ત સુરત મેઘવાળ સમાજ કે મેઘવાળ સમાજના નામનો ઉલ્લેખ કે ઉપયોગ કરી કોઈપણ વ્યક્તિ કે વ્યક્તિઓ કે સંસ્થા કે સંસ્થાઓ સુરત મેઘવાળ સમાજ બંધારણ સમિતિની પૂર્વ મંજુરી કે પરવાનગી કે સંમંતિ વગર આયોજન કે કાર્યક્રમ કરી શકશે નહીં કે સમાજના નામે દાન–જાહેરાત–ફંડ–ફાળા કે ભંડારાના નામે નાણાં ઉઘરાવી શકશે નહીં. આવી પ્રવૃત્તિ કરનાર પર કાયદેસરના પગલા ભરવામાં આવશે. જેની સ્પષ્ટ નોંધ લેવી.

સુરત મેઘવાળ સમાજ દ્વારા ચાલતી આવતી પરંપરા–પ્રણાલિકા મુજબ સુરત મેઘવાળ સમાજના જુદા–જુદા વિસ્તારોમાં શુભ–અશુભ પ્રસંગે કામગીરીઓ કરવા જે–તે વિસ્તાર મુજબ ગામોટી નક્કી કરવામાં આવેલ છે. જેથી આ વર્ષો જુની ચાલી આવતી પ્રણાલિકા–પ્રથા મુજબ જ દરેક વિસ્તારોમાં નક્કી કરવામાં આવેલ જે તે ગામોટી સિવાય અન્ય વિસ્તારના ગામોટીએ આ પ્રથાનો ભંગ કરવો નહી. કે એવા વિસ્તારમાં કોઈપણ પ્રકારની કામગીરી કરવા જઈ શકશે નહીં. ઘરધણીની મરજી–ઈચ્છા હોય તો પણ વિસ્તાર મુજબ નક્કી કરેલ ગામોટી સિવાય અન્ય કોઈપણ ગામોટી–ગોર મહારાજશ્રીએ આવી કામગીરી કરવી નહી. જેની દરેક વિસ્તારના ગામોટીએ સ્પષ્ટ નોંધ લેવી.

**સુરત મેઘવાળ સમાજમાં શુભ–અશુભ પ્રસંગે કામગીરી કરતાં ગામોટી–ગોર મહારાજશ્રીઓના નામ–સરનામા–મોબાઈલ નંબર.**

| | | |
|---|---|---|
| શ્રી ખેતાભાઈ જશાભાઈ પંડયા | ૧૨૫, બહુચર નગર, વેડ રોડ | – |
| શ્રી દલપતભાઈ ખેતાભાઈ પંડયા | ૧૨૫, બહુચર નગર, વેડ રોડ | ૯૯૦૯૪૯૭૯૯૯ |
| શ્રી હિતેશભાઈ માવજીભાઈ પંડયા | ૩૦૯, લક્ષ્મી નગર, વેડ રોડ | ૯૮૨૫૯૯૫૬૧૩ |
| શ્રી વલ્લભભાઈ અમરાભાઈ જાની | ૧૩૦, બહુચર નગર, વેડ રોડ | ૯૯૨૫૧૬૧૨૦૫ |
| શ્રી રમેશભાઈ મીઠાભાઈ ખડોદરા | ૧૦૬, બહુચર નગર, વેડ રોડ | ૯૮૨૫૬૭૫૦૭૧ |
| શ્રી અરવિંદભાઈ ધનજીભાઈ પંડયા | કોલીવાડ, વરીયાવી બજાર | ૯૮૨૫૭૫૩૫૦૫ |
| શ્રી દાનજીભાઈ લક્ષ્મણભાઈ ધામેલ | અભિષેક ટાઉનશીપ, અમરોલી | ૯૯૨૫૮૮૦૦૯૯ |
| શ્રી રમેશભાઈ દાનજીભાઈ ધામેલ | અભિષેક ટાઉનશીપ, અમરોલી | ૯૯૨૫૮૮૦૦૯૯ |

## સુરત મેઘવાળ સમાજ આગેવાનોની જ્ઞાતિ બંધારણ સમિતિ

શ્રી ગોવિંદભાઈ એસ. ડાભી
શ્રી અશોકભાઈ ટી. ગોહિલ
શ્રી મુળજીભાઈ એમ. સોસા
શ્રી જીતેન્દ્રભાઈ એસ. ડાભી
શ્રી જેરામભાઈ બી. મારૂ
શ્રી જયેશભાઈ વી. ભાસ્કર
શ્રી જેસીંગભાઈ આર. સોસા
શ્રી નાનજીભાઈ વી. મકવાણા
શ્રી રામુભાઈ એસ. ગુજરીયા
શ્રી દિનેશભાઈ એલ. રાઠોડ
શ્રી નરેન્દ્રભાઈ આર. ગોહિલ
શ્રી વિનોદભાઈ વી. રેવર
શ્રી પ્રવિણભાઈ પી. બારૈયા
શ્રી પાલજીભાઈ બી. પરમાર
શ્રી અમૃતભાઈ બી. બગડા
શ્રી વસંતભાઈ એ. વોરા
શ્રી છનાલાલ એન બારૈયા
શ્રી મનુભાઈ ડી. સોસા
શ્રી નાથુભાઈ બી. ડાભી
શ્રી ભગુભાઈ ડી. ડાભી
શ્રી કિરણભાઈ એલ. બારૈયા
શ્રી રામજીભાઈ કોળી
શ્રી સુરેશભાઈ કે. ગોહિલ
શ્રી ભગાભાઈ પી. બારૈયા

શ્રી માધુભાઈ કે. ભોજ
શ્રી ભૂપેન્દ્રભાઈ એમ. સોલંકી
શ્રી લક્ષ્મણભાઈ ડી. સોસા
શ્રી મુળજીભાઈ બી. બાબરીયા
શ્રી મોહનભાઈ જે. સુમરા
શ્રી પ્રેમજીભાઈ કે. રેવર
શ્રી વિશ્રામભાઈ કે. સોંદરવા
શ્રી રૂપાભાઈ કે. ગુજરીયા
શ્રી મેઘજીભાઈ જે. વણેલ
શ્રી લવજીભાઈ વી. મહીડા
શ્રી ભીખાલાલ ડી. જાદવ
શ્રી મૂળજીભાઈ એચ. વાઘેલા
શ્રી લાલજીભાઈ આર. જીતિયા
શ્રી લક્ષ્મણભાઈ એચ. જોગદીયા
શ્રી સુરેશભાઈ બી. સાંડીસ
શ્રી મહેશભાઈ વી. ભોજ
શ્રી ભીખાભાઈ જે. પરમાર
શ્રી લાખાભાઈ કે. સોસા
શ્રી કાનજીભાઈ પી. ડાભી
શ્રી કેશવભાઈ સાંડપા(વાળા)
શ્રી શ્યામભાઈ એ. ગોહિલ
શ્રી કાન્તીભાઈ બાબરીયા
શ્રી વિક્રમભાઈ પરમાર
શ્રી કિશનભાઈ કે. રાઠોડ

શ્રી નાથુભાઈ ડી. સોસા
શ્રી સુરેશભાઈ કે. બોરીચા
શ્રી કનુભાઈ કે. બારૈયા
શ્રી ગીગાભાઈ ડી. સોસા
શ્રી ગોવિંદભાઈ એમ. વિરાસ
શ્રી મનહરભાઈ કે. પરમાર
શ્રી હીરાભાઈ ડી. રાઠોડ
શ્રી ગોપાલભાઈ જે. સોસા
શ્રી ગોવિંદભાઈ વી. રાઠોડ
શ્રી માવજીભાઈ યુ. પડાયા
શ્રી ભાનુકુમાર જી. સુમરા
શ્રી બચુભાઈ સી. સોસા
શ્રી માનજીભાઈ કે. ભીટોરા
શ્રી ખીમજીભાઈ એમ. પરમાર
શ્રી કિશનભાઈ ઝેડ. રાઠોડ
શ્રી હેમંતભાઈ એલ. સોસા
શ્રી નટુભાઈ ડી. ધારૈયા
શ્રી જયંતિભાઈ વી. બોરીચા
શ્રી રામજીભાઈ વી. ડાભી
શ્રી પ્રકાશભાઈ એલ. પંચાલ
શ્રી ડાયાભાઈ એન. મારૂ
શ્રી માધુભાઈ બોરીચા
શ્રી આલજીભાઈ ખાખડીયા
શ્રી ટાભજીભાઈ કે. પરમાર

## નવસારી-બિલીમોરા મેઘવાળ સમાજ આગેવાનોની જ્ઞાતિ બંધારણ સમિતિ

શ્રી દિપકભાઈ એચ. બોરીચા
શ્રી ગૌતમભાઈ જી. વાઘ
શ્રી મહેશભાઈ કે. સોસા
શ્રી દિનેશભાઈ એમ. રાઠોડ
શ્રી રાઘવભાઈ કે. જોગદીયા
શ્રી મોહનભાઈ કે. સોસા
શ્રી ગોવિંદભાઈ પી. પડાયા
શ્રી ત્રિકમભાઈ ખિમસુરીયા
શ્રી ગોવિંદભાઈ એચ. વેલારી

શ્રી અમૃતભાઈ એન. ગોહિલ
શ્રી રાકેશભાઈ એલ. સાંડીસ
શ્રી વિનોદભાઈ આર. ડાભી
શ્રી નારણભાઈ કે. અણજારા
શ્રી મનુભાઈ ડી. સુમરા
શ્રી લક્ષ્મણભાઈ એચ. મકવાણા
શ્રી દાનજીભાઈ કે. અણજારા
શ્રી ત્રિકમભાઈ આર. સોસા
શ્રી લાખાભાઈ પી. વિજુડા

શ્રી વાલજીભાઈ જે. સોસા
શ્રી જેરામભાઈ ઝેડ. સોસા
શ્રી નાથાભાઈ પી. સોસા
શ્રી રામજીભાઈ પી. વિરાસ
શ્રી વિશ્રામભાઈ એમ. સોસા
શ્રી અમૃતલાલ એચ. ભાદરકા
શ્રી મંગાભાઈ બી. સોસા
શ્રી હરીશભાઈ કે. ભાદરકા
શ્રી નાથુભાઈ ડી. સોસા